કોવિડ-૧૯ મહામારીના સમયગાળા દરમિયાન અવસાન પામેલ માતા/પિતાના બાળકોને સહાય કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ જજઅ/૧૦૨૦૨૧/૨૧૮૭૦૨(પાર્ટ-૨)/છ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૦૭/૦૯/૨૦૨૧

**વંચાણે લીધોઃ-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો ઠરાવ ક્રમાંકઃ જજઅ/૧૦૨૦૨૧/૨૧૮૭૦૨/છ, તા.૧૧/૦૬/૨૦૨૧.

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંકઃજજઅ/૧૦૨૦૨૧/૨૧૮૭૦૨/છ, તા.૨૭/૦૭/૨૦૨૧

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંકઃજજઅ/૧૦૨૦૨૧/૨૧૮૭૦૨(પાર્ટ-૨)/છ, તા.૨૮/૦૭/૨૦૨૧

(૪) નિયામકશ્રી, સમાજ સુરક્ષાની તા:૦૪/૦૯/૨૦૨૧ પત્ર નં.-સસુખા/સીપીડી/૨૦૨૧૧૩૩૯ થી મળેલ દરખાસ્ત

**પ્રસ્તાવનાઃ-**

ઉક્ત વંચાણે લીધા ક્રમાંકઃ(૧) આગળના ઠરાવથી માર્ચ, ૨૦૨૦થી કોરોના મહામારીના અંત સુધી બન્ને વાલી ગુમાવનાર બાળકો માટે બાળસેવા યોજના અમલમાં મૂકવામાં આવેલ છે અને ક્રમાંકઃ(3) આગળના ઠરાવથી એક વાલીનું અવસાન થયેલ હોય તેવા બાળકોને પણ સહાય કરવાની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. હવે ઉક્ત વંચાણે લીધા ક્રમાંકઃ(૪) થી મળેલ નિયામકશ્રી, સમાજ સુરક્ષાની દરખાસ્ત મુજબ જૂન-૨૦૨૧ પછી રાજ્યમાં કોરોના મહામારીનું સંક્રમણ ખૂબ જ નહીવત થઈ જવા પામેલ છે. જેના કારણે કોરોનાથી થયેલ મૃત્યુનું પ્રમાણ પણ નજીવું થઇ ગયેલ છે. આથી આ યોજનાઓ ચાલુ રાખવા બાબતે પુનઃ વિચારણા કરવાની જરૂરિયાત ઉપસ્થિત થયેલ છે.

વધુમાં જે અરજીઓ મળેલ છે તેની છણાવટ કરતાં જણાયેલ છે કે તેમાં અકસ્માત, ડાયાબિટીશ, આત્મહત્યા, દારૂનું વ્યસન વગેરે કારણોથી પણ અવસાન થયેલ છે. ખરેખર ગંભીર બિમારીઓથી અવસાન પામેલ હોય તેવા વાલીઓના બાળકોને જ સહાય કરવાનો આ યોજના પાછળનો આશય છે.

ઉક્ત વિગતો ધ્યાને લઇને હવે આ બાબતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવ:-

(૧) જે બાળકોના બંને વાલીઓ(માતા અને પિતા) અને એક જ વાલી(માતા કે પિતા) તા.30/૦૬/૨૦૨૧ સુધી અવસાન પામેલ હોય તેવા બાળકોને જ અનુક્રમે અત્રેના તા:૧૧/૦૬/૨૦૨૧ અને તા: ૨૮/૦૭/૨૦૨૧ના ઠરાવો મુજબ સહાય કરવાની રહેશે.

(૨) તા.30/૦૬/૨૦૨૧ સુધીમાં અવસાન થયેલ વાલીઓના કેસમાં મળેલ અરજીઓની ચકાસણી કરીને ખરેખર ગંભીર બિમારીથી મૃત્યુ પામેલ હોય તેવા કેસોમાં જ સહાય ચૂકવવાની રહેશે. મળેલ અરજીઓ પૈકી ફક્ત ગંભીર બિમારીઓથી અવસાન થયેલ છે કે નહિ તે ચકાસવા માટે જિલ્લા કક્ષાએ એક સમિતિનું ગઠન નીચે મુજબ કરવામાં આવે છે.

(૧) ચીફ ડિસ્ટ્રીક્ટ હેલ્થ ઓફિસર/ ચીફ ડિસ્ટ્રીક્ટ મેડિકલ ઓફિસર

(૨) જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી

(3) જિલ્લા બાળ સુરક્ષા અધિકારી

ઉક્ત સમિતિ મળેલ અરજીઓની ચકાસણી કર્યા બાદ જે કેસમાં ગંભીર બિમારીથી મૃત્યુ થયાનો નિર્ણય કરશે તેવા કેસમાં જ સહાય ચૂકવવાની રહેશે. જે ધ્યાનમાં લઈને તા:૧૧/૦૬/૨૦૨૧ના ઠરાવની સામાન્ય શરતો પૈકી શરત નં.-(૬) "*સબંધિત જિલ્લાની* Sponsorship & Foster Care Approval Committee (SFCAC)*એ અરજી મળ્યા તારીખથી સાત દિવસથી અંદર અરજી મંજુર/નામંજુર કરવાનો નિર્ણય લેવાનો રહેશે.*" રદ કરવામાં આવે છે. પરિણામે સબંધિત જિલ્લાની Sponsorship & Foster Care Approval Committee(SFCAC)એ આવી અરજીઓ પરત્વે હવે કોઈ કાર્યવાહી હવે કરવાની રહેશે નહીં.

(3) તા.30/૦૬/૨૦૨૧ સુધી અવસાન થયું હોય તેવા કેસોમાં સહાય માટે કરવામાં આવેલ અરજીઓ જો તા.૩૧/૦૮/૨૦૨૧ સુધી સબંધિત કચેરીમાં મળેલ હશે તો જ તેની મંજુરી/નામંજુરી અંગે વિચારણા કરવાની રહેશે. તા.૩૧/૦૮/૨૦૨૧ પછી મળેલ અરજીઓ વિચારણામાં લેવાની રહેશે નહિ.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા:- ૦૭/૦૯/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે રવાના કરવામાં આવેલ છે.

(જી.પી.પટેલ)

નાયબ સચિવ(સ.સુ.)

પ્રતિ,

- અગ્ર સચિવશ્રી, માન.રાજ્યપાલશ્રીનું કાર્યાલય, રાજ ભવન, ગાંધીનગર.(પત્ર દ્વારા)
- માન.મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશ, સા.ન્યા. અને અ. વિભાગ
- સચિવાલયના સર્વે વિભાગો.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં.૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે શાખાઓ, સા ન્યા અને અ વિભાગ, બ્લોક નં.૫, ૯મો માળ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, કો-સેલ, સા ન્યા અને અ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર મુકવા સારૂં.
- સિલેકટ ફાઇલ-૨૦૨૧